# ડીસાના ડેડોલમાં પ્રાણ પ્રતિષ્ઠા-રોડના ખાતમુહૂર્તમાં સોશિયલ ડિસ્ટન્સના ધજાગરા




**રોડના ખાત મુહૂર્તમાં ધારાસભ્ય સાથે આવેલી કિંજલ દવેને જોવા જનમેદની ઉમટી પડી**

ગુજરાતની જાણીતી ગાયક કલાકાર કિંજલ દવે ડીસા તાલુકાના ડેડોલમાં પ્રાણ પ્રતિષ્ઠા અને રોડના ખાતમુહૂર્ત કાર્યક્રમમાં ડીસાના ધારાસભ્ય શશીકાંત પંડ્યા સાથે ઉપસ્થિત રહી હતી. ડેડોલના ગ્રામજનોએ બંનેનું ઘોડા પર બેસાડી સ્વાગત કર્યું હતું. રોડના ખાત મુહૂર્તમાં ધારાસભ્ય સાથે આવેલી કિંજલને જોવા જનમેદની ઉમટી પડી હતી. કિંજલ દવે ઘોડા પર બેસી ધારાસભ્ય સાથે સેલ્ફી લેતી નજરે પડી હતી. કિંજલ દવેને જોવા આવેલા લોકો સોશિયલ ડિસ્ટન્સનું ભાન ભૂલ્યા હતા. સાથે જ કોરોનાનો ડર પણ ભૂલ્યા હતા. પ્રાપ્ત માહિતી અનુસાર ડીસાના ડેડોલ ગામે ગ્રામજનો દ્વારા ગામમાં આવેલ બ્રહ્માણી માતાના મંદિરમાં મહાયજ્ઞનું આયોજન કરાયું હતું. જેમાં ગુજરાતની સુપ્રસિદ્ધ ગાયક કલાકાર કિંજલ દવેને આમંત્રણ અપાયું હતું. મહાયજ્ઞને લઈને ડેડોલ ગામે મોટી સંખ્યામાં જનમેદની ઉમટી હતી. તેવા સમયે કિંજલ દવે ત્યાં પહોંચી હતી. જોકે તે જ સમયે ડીસાના ધારાસભ્ય શશીકાંતભાઈ પંડ્યા ડેડોલ ગામે ૨૨ ગામને જોડતાં રોડનું ખાતમુર્હત કરવા આવ્યા હતા. ત્યારે બંન્ને કાર્યક્રમો ભેગા થઈ ગયા હતા.

# હાથરસના પ્રત્યાઘાત અરવલ્લીમાં યથાવત





## વાલ્મીકી સંગઠનો, સામાજીક સંસ્થાઓ અને કોંગ્રેસે સૂત્રોચ્ચાર કર્યા, કલેકટરને આવેદનપત્ર સાથે ન્યાયની માંગ

ઉત્તરપ્રદેશના હાથરસમાં ૧૪મી સપ્ટેમ્બરના રોજ ૪ નરાધમોના પાશવી બળાત્કાર અને ક્રૂર હિંસાનો ભોગ બનેલી ૨૦ વર્ષીય દલિત યુવતી ૧૫ દિવસ જેટલો સમય મોત સામે ઝઝુમ્યા બાદ દિલ્હીની સફદરજંગ હોસ્પિટલ ખાતે મોત સામેનો જંગ હારી ગઈ હતી. નિર્ભયા ગેંગરેપની જઘન્ય યાદોને તાજી કરતી આ ઘટનામાં દલિત બળાત્કાર પીડિતા સાથે આરોપીઓએ દુષ્કર્મ આચરી અમાનવીય અત્યાચાર ગુજાર્યો હતો. યુવતીની જીભ કપાઇ ગઇ હતી. તેના શરીરમાં સંખ્યાબંધ ફેક્ચર હતાં અને આ ઘટના બાદ ગરદનમાં થયેલી ઈજાના કારણે લકવો મારી ગયો હતો. આ ઘટનાના પડઘા સમગ્ર દેશમાં પડ્યા છે દેશની જનતા અને દલીત સમાજમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. અરવલ્લી જીલ્લા પરિસરમાં વાલ્મીકિ સંગઠનો, સામાજિક સંસ્થાઓ અને કોંગ્રેસે યોગી વિરુદ્ધ સૂત્રોચ્ચાર કરી જીલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી પીડિતાના પરિવારને ન્યાય મળે તેવી ઉગ્ર માંગ કરી હતી.

ઉત્તરપ્રદેશના હાથરસમાં બનેલી દુષ્કર્મની ઘટનાને લઇને અરવલ્લી જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપવામાં આવ્યું છે. અરવલ્લી જિલ્લાના વાલ્મિકી સંગઠનના આગેવાનો સામાજિક સંસ્થાઓ અને કોંગ્રેસના આગેવાનોએ પીડિત પરિવારને ન્યાય મળે અને આરોપીને ફાંસીની સજા થાય તેવી માંગ કરીને સૂત્રોચ્ચાર કર્યા હતા અને રોષ વ્યક્ત કર્યો હતો. અરવલ્લી જિલ્લા કલેકટર કચેરી ખાતે વિવિધ સમાજના આગેવાનો સંગઠનના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. જલ્દીથી જલ્દી પીડિત પરિવારને ન્યાય મળે તેવી માંગ સાથે અરવલ્લી જિલ્લા કલેક્ટરને રજૂઆત કરવામાં આવી હતી.

# ખેડબ્રહ્મા પોલીસે એક જ દિવસમાં દારૂ ભરેલી બે ગાડીઓ સાથે બે આરોપી પકડ્યા

ખેડબ્રહ્મા પોલીસ સ્ટાફને પેટ્રોલીંગ દરમિયાન મટોડા ગામ પાસેથી બે ગાડીઓમાં કુલ ૯૩૫૩૨૨ નો મુદ્દા માલ સાથે બે ઈસમોને પકડી પડી ચાર ઈસમો વિરુદ્ધ ફરિયાદ નોધી તપાસ હતા ધરી હતી.

ખેડબ્રહ્મા પીએસઆઇ વિશાલભાઈ બી. પટેલ અને સ્ટાફ પોલીસ અધિક્ષક સાબરકાંઠાનાની સુચના અનુસંધાને જીલ્લામાં દારૂની હેરાફેરી અટકાવવા તેમજ દારુના કેસો શોધી કાઢવાની સુચના પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાનમાં બાતમી હકીકત મળેલ કે ખેરોજ તરફથી એક સીલ્વર કલરની આઈ૧૦ ગાડી નં. જીજે.૦૧.કેએફ.૧૪૪૩માં વિદેશી દારૂ ભરી આવે છે. જે હકીકત આધારે પોલીસ સ્ટાફના માણસો સાથે મટોડા હાઈવે રોડ ઉપર નાકાબંધી કરી હતી ત્યારે બપોરે ખેરોજ તરફથી બાતમી વળી ગાડી આવતા ગાડીને રોકી ઉભી રખાવતા તેના ચાલકે ગાડી ભગાડેલ જેથી પીછો કરતા ગાડી રોડ સાઈડમાં ઉતરી ગયેલ અને ગાડીચાલકને પકડી પાડી ગાડી ચેક કરતા ગાડીની અંદર વિદેશી દારૂની પેટીઓ તેમજ ગાડીની ડેકીમાં ગેસના બોટલના નીચેના ભાગે વિદેશી દારૂની છુટી બોટલો ભરેલ હતી જેથી ગાડીના ચાલકનું નામ ઠામ પુછતા મિતેશભાઈ ઉર્ફ ઈમરાન કનૈયાલાલ વસાવા રહે. ખેડબ્રહ્માંનું જણાવેલ. તેની પાસે પાસ પરમીટ માગતાં પોતાની પાસે નહીં હોવાનુ જણાવેલ જેથી પોલીસે આઇ-૧૦ ગાડી નં.જીજે.૦૧. કેએફ.૧૪૪૩ મા વગર પાસ પરમીટે ભારતીય બનાવટની વિદેશી દારૂની બોટલ કૂલ નંગ ૮૮૮ કૂલ કિ. રૂ.૧,૪૭,૦૭૨ તથા મોબાઈલ નંગ-૧ કિ. રૂ.૫૦૦ તથા ગાડી કિ. રૂ.૨,૦૦,૦૦૦ ની મળી કૂલ રૂ.૩,૪૭,૫૭૨નો મુદ્દામાલ પકડી તેના વિરૂધ્ધ ધી. પ્રોહી એકટ મુજબ ફરીયાદ નોધી હતી.

ત્યાર બાદ બીજી બાતમી આધારે સાંજના સમયે પોલીસે ફરી મટોડા હાઈવે રોડ ઉપર નાકાબંધી કરી ખેરોજ હાઈવે તરફથી બાતમી વાળી ગાડી આવતા ગાડી ઉભી રખાવી ગાડી ચેક કરતા ગાડીની અંદર વિદેશી દારૂની પેટીઓ ભરેલ હોય જેથી ગાડીના ચાલકનું નામ ઠામ પુછતા તેજસકુમાર વિજયભાઇ રાવલ રહે. ગોતા, તા. ખેડબ્રહ્માંનું જણાવેલ અને જેથી પોલીસે બોલેરો ગાડી નં-આરજે.૧૮. યુએ. ૯૫૪૬ મા વગર પાસ પરમીટે ભારતીય બનાવટની વિદેશી દારૂની બોટલો કૂલ નંગ ૧૪૦૨ કૂલ કિ. રૂ. ૧,૮૨,૭૫૦ તથા મોબાઈલ નંગ ૧ કિ. રૂ.૫૦૦૦ તથા ગાડી કિ. રૂ. ૪,૦૦,૦૦૦ની મળી કૂલ-રૂ. ૫,૮૭,૭૫૦ ના મુદ્દામાલ સાથે પકડાઇ ગયેલ જેના વિરુદ્ધ ગુન્હો નોધી તપસ હાથ ધરી હતી. પોલીસે બંને ગાડીચાલક અને રાજસ્થાનના પીન્ટુ મારવાડી રહે. કોટડા સંદીપજી જાટ રહે. કોટડા વિરૂધ્ધ ફરિયાદ નોધી તપાસ હાથ ધરી હતી.



# ભિલોડામાં સ્વચ્છતા અભિયાનનો કાર્યક્રમ યોજાયો

ભિલોડા,તા.૩

ભિલોડા તાલુકા મથક ખાતે સ્વચ્છતા અભિયાનનો કાર્યક્રમ યોજાયો હતો.ભારત દેશના રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની ૧૫૧મી જન્મ જયંતી નિમિત્તે ભિલોડા ગામના યુવા સેવકના સેવાભાવી કાર્યકરો પ્રતિક ભાવસાર, હરેશ ભાટીયા, જયેશ ઠાકોર, જીતેન્દ્ર જોષી,દિનેશભાઈ ચૌહાણ, ભિલોડા ગ્રામ પંચાયત, પુર્વ સરપંચ, મનોજભાઈ પટેલ, મનિષભાઈ પટેલ સહિત સામાજીક કાર્યકરો ધ્વારા ભિલોડા મેઈન બજાર વિસ્તાર અને મીની પોલીસ ચોકી પાસે શાક માર્કેટમાં સફાઈ અભિયાનનો ભગીરથ કાર્યક્રમ યોજાયો હતો. પ્રજાજનોમાં આનંદની લાગણી પ્રસરી હતી.

# ડીસાના મહાકાળી મંદિર સામે વધુ એક માર્ગ અકસ્માત, ૧નું મોત

ડીસા, તા. ૩

બનાસકાંઠા જિલ્લાના તાલુકા મથક ડીસામાં ગોઝારા બનેલા મહાકાળી મંદિર સામેના રોડ ઉપર વધુ એક માર્ગ અકસ્માતની ઘટના બનવા પામી છે. જેમાં શનિવારે સવારે પીકઅપ ડાલાના ચાલકે બાઈકને અડફેટે લેતાં એક યુવકનું મોત થયુ છે. આ તરફ અન્ય એક યુવક ઈજાગ્રસ્ત બનતાં તેને તાત્કાલિક સારવાર અર્થે દવાખાને ખસેડવામાં આવ્યો હતો. ઘટનાની જાણ થતાં સ્થાનિકો સહિત આસપાસના લોકો એકઠા થઈ ગયા હતા. જોકે અકસ્માત બાદ પીકઅપ ડાલાનો ચાલક ફરાર થઈ ગયો હતો.



બનાસકાંઠા જીલ્લાના ડીસામાં વહેલી સવારે માર્ગ અકસ્માતની ઘટનામાં એક યુવકનું મોત થયુ છે. શહેરના મહાકાળી મંદીર આગળથી પસાર થતાં બાઈકને પીકઅપ ડાલાના ચાલકે ભયંકર ટક્કર મારતાં અકસ્માત સર્જાયો હતો. જેમાં બાઈક ચાલક યુવકનું ઘટનાસ્થળે જ કરૂણ મોત થયુ હતુ. આ તરફ અન્ય એક યુવક ગંભીર રીતે ઈજાગ્રસ્ત બનતાં તેને તાત્કાલિક સારવાર અર્થે ડીસા સિવીલમાં ખસેડવામાં આવ્યો હતો.

કોરોના મહામારી વચ્ચે અનલોકમાં અપાયેલી છુટછાટના કારણે માર્ગ અકસ્માતોમાં વધારો થયો છે તેમાં પણ ગોઝારા પુરવાર થયેલા આખોલ નજીકના મહાકાળી મંદિર સામેના રોડે વધુ એકનો ભોગ લેતા અરેરાટી છવાઈ છે.

# બાયડ તાલુકાના વોટડા ગામની સીમમાંથી આધેડનો મૃતદેહ મળી આવતા ચકચાર

બાયડ, તા. ૩

બાયડ બાયડ તાલુકાના વોટડા ગામની સીમ નજીક પડતર જમીન પરથી આધેડનો મૃતદેહ મળી આવતા હલચલ મચી ગઈ હતી. બાયડ તાલુકાના વોટડા ગામે પશુ ચરાવવા માટે ગયેલ જગાભાઈ ઉદાભાઈ પરમાર ઉ.વ.૪૫ને ભારે શોધખોળ બાદ મૃતદેહ મળી આવતા પરિવાર શોકમાં ઘરકાવ થઈ ગયો હતો. હત્યા કે આત્મહત્યાને લઈ રહસ્ય અકબંધ છે. આ અંગે પોલીસ ઝીણવટભરી તપાસ કરે તો સત્ય બહાર આવી શકે છે. મૃતદેહ મળતા જ લોકોના ટોળેટોળા ઘટનાસ્થળ પર ઉમટી પડ્યા હતા. પોલીસે એડી નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

# માલપુર પોલીસે ચોરીવાડ ગામે બે સ્થળેથી વિદેશી દારૂનો જથ્થો ઝડપ્યો

મોડાસા, તા. ૩

અરવલ્લી જીલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં દેશી દારૂ સાથે વિદેશી દારૂની પણ મોટા પ્રમાણમાં પીવાઈ રહ્યો હોવાથી બિલાડીના ટોપની જેમ બુટલેગરોનો રાફડો ફાટી નીકળ્યો છે. રાજસ્થાન અડીને હોવાથી અંતરિયાળ માર્ગેથી વીદેશી દારૂનો જથ્થો લાવી વેપલો કરી રહ્યા છે, અરવલ્લી એસપી સંજય ખરાત અને ડીવાયએસપી ભરત બસીયાના આગમન પછી જીલ્લામાં બુટલેગરો પર તવાઈ બોલવતા નામચીન બુટલેગરો ભૂગર્ભમાં ઉતરી જતા સ્થાનિક નાના બુટલેગરો સક્રિય થયા છે. માલપુર પોલીસે ચોરીવાડ ગામમાંથી નરસિંહ રામભાઈ મસારના ઘરેથી ૨૫ હજાર અને અમરત કોહ્યાભાઇ પગીના ખેતરમાંથી ૮ હજારનો દારુનો જથ્થો જપ્ત કર્યો હતો પોલીસ રેડની ગંધ આવી જતા બંને બુટલેગરોએ ફરાર થઈ જતા પોલીસ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. માલપુર પીએસઆઈ એન.એમ. સોલંકી અને તેમની ટીમને ચોરીવાડ ગામમાં વિદેશી દારૂના અડ્ડા ધમધમતા હોવાની બાતમી મળતા બાતમીના આધારે નરસિંહ રામભાઈ મસાર નામના બુટલેગરના ઘરે છાપો મારતા ઘરમાંથી વિદેશી દારૂ, ક્વાંટરીયા, બીયરના ટીન અને રાજસ્થાની દેશી મદિરાની પ્લાસ્ટિક ક્વાંટરીયા નંગ-૨૧૩ કીં. રૂ.૨૫૭૦૦નો જથ્થો જપ્ત કર્યો હતો અન્ય એક બુટલેગર અમરત કોહ્યાભાઈ પગીએ ખેતરમાં દારૂનો જથ્થો સંતાડ્યો હોવાની બાતમી મળતા માલપુર પોલીસે મકાઈના ખેતરમાં શોધખોળ હાથ ધરતા ખેતરમાં મકાઈના પાકની વચ્ચોવચ સંતાડી રાખેલ વિદેશી દારૂના ક્વાંટરીયા અને પ્રીન્સ દેશી મદિરાના ક્વાંટરીયા નંગ-૭૧ કીં. રૂ.૮૫૦૦નો જથ્થો જપ્ત કરી પોલીસરેડ જોઈ ફરાર બંને બુટલેગરો વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.






**તલોદ પાલિકાના દ્વારા ગાંધી જયંતિની ધામધુમથી ઉજવણી**

તલોદ પાલિકાના ઉપક્રમે તલોદના ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમારની અધ્યક્ષતામાં અંબાજીચોકમાં આવેલા ગાંધીબાપુના સ્ટેચ્યુને પુષ્પાંજલી અર્પી સુતરની આંટી પહેરાવી ગાંધીજી અમર રહોના સુત્રોચ્ચારથી તેમની જન્મ જયંતિની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. જેમાં સ્વચ્છતા અભિયાન પણ કરાયુ હતુ. આપણા રાષ્ટ્રપિતા અને દેશના ઘડવૈયા ગાંધીજીના જન્મદિવસે પાલિકા પ્રમુખ દક્ષાબહેન ઝાલા, ઉપપ્રમુખ ઋતુલકુમાર પટેલ, અધ્યક્ષ અશોકભાઈ શાહ, મહામંત્રી દામોદરભાઈ પટેલ, પાલિકાના તમામ કોર્પોરેટરો, ભાજપના આગેવાનો, કાર્યકરો મોટી સંખ્યામાં હાજર રહી બાપુને પુષ્પાંજલી અર્પી સુતરની આંટી પહેરાવી તેમની પ્રતિમાના નતમસ્તક નમન કરી સુત્રોચ્ચાર દ્વારા સ્મરણાંજલી આપવામાં આવી હતી. ગાંધી જયંતિના ભાગરૂપે આ ઉજવણીમાં લોકલાડીલા ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમારની આગેવાનીમાં મોટી સંખ્યામાં કાર્યકરો હાજર રહી ધામધૂમથી જન્મદિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં નગરજનો પણ જોડાયા હતા.

# ભિલોડા માતૃશ્રી આર.જે. તન્ના પ્રેરણા મંદિરમાં ગાંધી જયંતીની ઉજવણી

ભિલોડા,તા.૩

ભિલોડા અર્બુદા સેવા સંઘ સંચાલિત માતૃશ્રી આર.જે.તન્ના પ્રેરણા મંદિર વિદ્યાલયમાં ગાંધીજીની જન્મ જયંતી નિમિત્તે ઉજવણીનો કાર્યક્રમ યોજાયો હતો. સ્ટાફ પરીવાર, સેવકભાઈઓએ ગાંધીજીના વિચારો જેવા કે પાણીનો કરકસરપુર્વક ઉપયોગ કરવો, વિદેશી વસ્તુઓના ગુલામ ન બનવું, સ્વદેશી વસ્તુઓનો આગ્રહ રાખવો, વૈજ્ઞાનિક દષ્ટીએ સ્વચ્છતાનો આગ્રહ રાખવો જેવા વિચારોને યાદ કરી જીવનમાં ઉતારવાનો સંકલ્પ કર્યો હતો. આચાર્ય રમણભાઈ પટેલએ સ્ટાફ પરીવાર, વાલીગણને જણાવ્યું હતું કે સમાજમાં લોકોને જીવનમાં આવતા સંઘર્ષ, દુઃખ,કલેશથી બચવા માટે માણસો મોટે ભાગે વ્યસનનો આશરો લેતા હોય છે. વ્યસનમાં ડુબી ઘડીભર દુઃખ ભુલી જાય છે પરંતુ એ ઘડીભરનો આનંદ વ્યક્તિને કાયમ માટે ગુલામ બનાવી જીવનભર દુઃખી કરતો હોય છે. સમાજ વ્યસનરૂપી સંકજામાં ન સપડાય તેના માટે સઘન પ્રયાસો હાથ ધરવા અપીલ કરી હતી. કાર્યક્રમનું આયોજન શિક્ષક રાજેશભાઈ પટેલ, મુકેશભાઈ પટેલએ કર્યું હતું.

**ઘરમાં રહો સુરક્ષિત રહો**




ગાંધી જયંતિ નિમિત્તે તલોદ ખાતે એનએસયુઆઈ અને યુથ કોંગ્રેસ દ્વારા ગાંધીજીની પ્રતિમાને સુતરની આંટી અને ફુલહાર પહેરાવવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ઓબીસી સેલના મહામંત્રી પ્રા. રંગુસિંહ સોલંકી, સોશિયલ મીડિયા ડીપાર્ટમેન્ટના પૂર્વ પ્રમુખ અને જિલ્લા એનએસયુઆઈના આશિષ ઠાકોર, એનએસયુઆઈ જિલ્લા મહામંત્રી જીતેન્દ્રસિંહ સોલંકી, તાલુકા એનએસયુઆઈ પ્રમુખ રવીન્દ્રસિંહ ઝાલા, યુથ પ્રમુખ દિનેશ મેસરીયા, ઉપપ્રમુખ અક્ષય પટેલ અને અન્ય અગ્રણીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા.